## અહેવાલ

## ખેરગામની સરકારી કૉલેજમાં ગુરુવંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો.

તા.૨૨/૦૭/૨૦૨૪

રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S) અને સપ્તધારા અન્વયે જ્ઞાનધારા અંતર્ગત સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, ખેરગામ ખાતે તા.૨૨/૦૭/૨૦૨૪ ને સોમવારના રોજ કૉલેજના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ તેમજ પ્રોફેસર રક્ષાબેન પટેલના અધ્યક્ષપણા હેઠળ "ભારતીય સંસ્કૃતિમાં ગુરુ પરંપરા અને ગુરુનું મહત્વ" વિષય અંતર્ગત વિચારગોષ્ઠી અને ગુરુવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

આપણી ભારતીય સંસ્કૃતિ અને પરંપરામાં ગુરુનું અનેરૂં મહત્વ છે. ભારતીય સંસ્કૃતિને વારસામાં મળેલ ગુરુ પરંપરામાં ગુરુવંદના એક મહત્વનો સંસ્કાર છે. વિદ્યાર્થીઓમાં ગુરુ પ્રત્યેનો શુદ્ધ અને સાત્વિક ભાવ નિર્માણ થાય તથા ગુરુ-શિષ્ય વચ્ચેના સંબંધો આત્મીય બની રહે તેમજ ભારતીય સંસ્કૃતિની પરંપરા અનુસાર ગુરુવંદના સંસ્કાર પણ જળવાઈ રહે એ હેતુસર સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, ખેરગામ ખાતે વિચારગોષ્ઠી અને ગુરુવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કૉલેજના અંગ્રેજી વિષયના પ્રોફેસર ડૉ.ધર્મરાજ ટેંભરે દ્વારા સ્વામી વિવેકાનંદજીના જીવન પ્રસંગો રજૂ કરી જીવનોપયોગી વિચારો વિદ્યાર્થીઓને પીરસવામાં આવ્યા. હિન્દી વિષયના પ્રોફેસર દિનેશકુમાર દ્વારા ગુરુનું મહત્વ સમજાવતા કહેવામાં આવ્યું કે, 'હમારે જીવનમેં ગુરુ માર્ગદર્શક કા કાર્ય કરતે હૈ, સચ્ચી રાહ દિખાને વાલે ગુરુ જીવન કો સઁવારને કા કામ કરતે હૈ.' કાર્યક્રમના અધ્યક્ષ પ્રોફેસર રક્ષાબેન પટેલ દ્વારા કહેવામાં આવ્યું કે, 'આપણા જીવનમાં આપણા માં-બાપ એ આપણા પ્રથમ ગુરુ છે, જેમણે આપણને જીવનના દરેક પ્રસંગોમાં સાચી દિશા બતાવી છે.' આ કાર્યક્રમમાં કૉલેજના ૩૭ વિદ્યાર્થીઓ અને ૬૪ વિદ્યાર્થીનીઓ મળી કુલ ૧૦૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. તેમજ ૧૦ ભાઈઓ અને ૬ બહેનો મળી કુલ ૧૬ અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના સ્વયંસેવક પરિમલ જાદવ દ્વારા કરવામાં આવ્યું. અંતે રાષ્ટ્રગીત દ્વારા કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી.





GOVERNMENT ARTS, COMM. & SCI. COLLEGE · KHERGAM

Principal
Govt. Arts, Commerce & Science College
Khergam, Dist. Navsari.
Code No. : 630

Scanned with OKEN Scanner